© AJH 2023 | Vol. 05, Issue 02, April – June, 2023

ANSH – Journal of History

ISSN (Online) No. 2582 -046X

Peer-Reviewed, Refereed & Open-Access International Journal of History

# ગુજરાતી સ્ત્રી સામયિક એક ઐતહાંસિક સાધન તરીકે

**Puja Kanudan Gadhavi**

Ph.D Scholar in History, Gujarat University, Ahmedabad

---

**સારાંશ**

ઇતિહાસ લેખનમાં સ્રોતોની ભૂમિકા અતિ મહત્વની છે અને તેમાં સામયિકો એક મહત્વપૂર્ણ સાહિતિક સ્રોત તરીકે સ્થાન ધરાવે છે. ખાસ કરીને સ્ત્રી ઇતિહાસના અભ્યાસમાં ગુજરાતી સ્ત્રી સામયિકો અનિવાર્ય ઐતિહાસિક સાધનરૂપે ઊભરાય છે. આ સામયિકો દ્વારા તે સમયની સ્ત્રીઓની સામાજિક સ્થિતિ, વિચારો, સંવેદનાઓ, સમસ્યાઓ તથા ચેતનાનો પ્રતિબિંબ મળે છે. ઉન્નીસમી અને વિસમી સદી દરમિયાન પ્રકાશિત થયેલા 'સ્ત્રીબોધ', 'મહિલા મિત્ર', 'સ્ત્રીસદબોધ', 'સ્ત્રી જીવન' જેવા સામયિકોએ સ્ત્રી શિક્ષણ, સુધારણા અને સ્વઅભિવ્યક્તિને વેગ આપ્યો. સ્ત્રીઓ દ્વારા અને સ્ત્રીઓ માટે લખાયેલા આ સામયિકો પુરુષપ્રધાન ઇતિહાસ લેખનથી અલગ દૃષ્ટિકોણ પ્રદાન કરે છે. આ લેખમાં ગુજરાતી સ્ત્રી સામયિકોને ઐતિહાસિક સ્રોત તરીકે મૂલવવામાં આવ્યા છે તથા નારી ઇતિહાસ લેખનમાં તેમની ભૂમિકા અને મહત્તા વિશ્લેષિત કરવામાં આવી છે.

**મુખ્ય શબ્દો :**

ગુજરાતી સ્ત્રી સામયિકો, નારી ઇતિહાસ, ઐતિહાસિક સ્રોત, સ્ત્રી ચેતના, ગુજરાતી પત્રકારત્વ, સ્ત્રી શિક્ષણ, સામાજિક સુધારણા

---

આજના જમાનામાં સાહિતિક અને પત્રકર્તવ ના ક્ષેત્રમાં સ્ત્રીઓ જે અગ્રણી સ્થાન ધરાવે છે.તે ના મૂળ માં ક્યાકને ક્યાક સ્ત્રી સામયિક રહેલા છે. સ્ત્રી સામયિક દ્વારાં  સ્ત્રી ઓ પોતાના વિચારો, તેમના પ્રશ્નો વગેરે મુકત પણે રજૂઆત કરી સકતી અને એ વિચારો અને પ્રશ્નો સમાજ સુધી પોચાડવામાં ક્યાક ને ક્યાક સ્ત્રી સામયિકો ની ભૂમિકા રહેલી છે . બીજું એકે સ્ત્રીઓ પોતે તેમાં

લેખ લખતી જેના કારણે સ્ત્રીઓ ની સવેદના તેમ ના લખાણ માં અભિવ્યક્ત થાય છે. એટલા માટે ઇતિહાસ સ્ત્રી નો ઇતિહાસ જાણવો હોય તો સ્ત્રી સામયિક નો આશરો લઈ સ્ત્રી વિષે આપણે સારી એવિ માહિતી પ્રાપ્ત થાય છે.

આમ સ્ત્રી સામયિકો માઠી સારો એવો ઇતિહાસ આપણ ને માડી રહે છે આમ સ્ત્રી સામયિકો એતહીસિક સ્રોત તરીકે ખુબજ અગત્યના છે જેનાથી જેતે સેમય ની માહિતી આપણે માડી રહે છે.

ઇતિહાસ ને લખતા પેહલા ઇતિહાસ શું છે ? તે જાણવું જરૂરી છે અને ઇતિહાસ ને જાણવા માટેના સ્રોતો કયા છે તે માહિતી એટલીજ મહત્વની છે. રાંકે મત અનુસાર ઇતિહાસ એટલે " NO DOCUMENT NO HISTORY" એટલેકે દસ્તાવેજો નહીં તો ઇતિહાસ નહીં. ઇતિહાસ ની અંદર આધારભૂત પુરાવા વગર કશું લખી શકાતું નથી. ઇતિહાસ લખવા જાણવા માટે સ્રોત ની જરૂર પડે છે એ સ્રોતો ના આધારે ઇતિહાસ લખી અને જાણી શકાય છે . ઇતિહાસ જાણવા માટેના સ્રોતો એક પુરાતવીય છે અને બીજા સાહિતિક સ્રોત છે આ બને સ્રોત ના આધારે ઇતિહાસ જાણી શકાય છે.

જદુનાથ સરકાર ના મત મુજબ" ઇતિહાસ જે છે એ સાધનો માં નથી પણ ઇતિહાસ જે છે એ સાધનો તરફ જોવા ની દ્રષ્ટી માં રહેલો છે. "

સાહિતિક સાધનો માં આત્મ કથાઓ ,વર્તમાન પત્રો, સામયિકો વગેરે નો સમાવેશ થાય છે .જેના આધારે ઇતિહાસ ને લખી શકાય છે . જયારે ઇતિહાસ કે ઇતિહાસ ના સ્રોતો ની વાત થતી હોય ત્યારે સમાજ નું મહત્વ નું અંગ ગણાતી સ્ત્રી ઓ ને કેવીરીતે અવગણી શકાય. એટલા માટે ઇતિહાસ માં નારી ઇતિહાસ ની શરૂઆત કયારથી થઈ તે અગત્યનું છે.

નારી ઇતિહાસ લેખન ની શરૂઆત 20 મી સદીમાં થઈ હતી . અર્વાચીન ઇતિહાસ માં નારી માટેના લખાણો માં એ. આર . દેસાઇ એ પહેલ કરી છે. એમ નું પુસ્તક " ધ સોસિયલ બેક ગ્રાંઉંડ ઓફ ઇંડિયન નેશના લીજામ 46 માં છપાઈ ગયું હતું. આ લખાણ માં સ્ત્રીઓ ની સમાજ માં સ્થાન ની વાત છે. આમ 50 અને 60 ના દાયકા માં સામાજિક સમજ વિકસતી ગઈ .

નારી ઇતિહાસ લેખન ની શરૂઆત હિન્દુસ્તાન માં 80 ના દાયકમાં થવા લાગી. પ્રાચીન સમય માં કુમકુમ રોય નું લખાણ મોખરે છે , મધ્યકાલીન ઇતિહાસ માં ગુલબદન બેગમ બાનુ ના હુમાયું નો ઇતિહાસ મળેછે . આધુનિક સમય ના ઇતિહાસ લેખન માં નારી ઇતિહાસ નો એક મોટો સંગ્રહ થવા માંડ્યો છે.

સ્ત્રી સામયિક પણ સ્ત્રી ઇતિહાસ નો એક ભાગ છે. સ્ત્રી માટે અને સ્ત્રી દ્વારા સ્ત્રીની સામાજિક સ્તિથિ અને તેના વિચારો ની અભિવાયક્તિ થાય છે. એટલા માટે નારીતિહાસ જાણવા માટે સ્ત્રી સામયિક એ અગત્યનો સ્રોત છે .

ગુજરાતી પત્રકારત્વ લગભગ પોણા બે સદી જેટલું જૂનું થવા અવિયું છે . સ્ત્રીઓ માટેના પત્રકાર્તવ ને વહેચી તેની ઊંડાણ માં તપાસ કરવામાં આવેતો ભાવના અનુશાર પત્રકાર્તવ ના ભાગ પડી શકે જેમ કે સ્ત્રીઓ ના ઉધાર માટે એક દયા ભાવે થયેલું પત્રકાર્તવ, પુરુષો ધ્વારા એક લઘુતા ભાવ થી થયેલું પત્રકાર્તવ, સ્ત્રીઓ ને સમકક્ષ બનાવાના હેતુ થી સમાજ સુધારક ભાવે થયેલું પત્રકાર્તવ , તો સામે છેડે સ્ત્રીઓ એ પણ સ્ત્રીઓ માટે લખ્યું અને પત્રકારત્વ  ક્ષેત્રમાં ખેડાણ ખેડિયું. અહી ગુરુતા ભાવ , દયા ભાવ , કે સમાજ સુધારક ભાવ ને બદલે સ્ત્રીઓ ના સ્ત્રી ઓ માટે લખાણો માં આક્રોશ ભાવ, કરુણા ભાવ કેન્દ્ર સ્થાને રહયા છે. આથી છેલ્લી દોઢ સદીમાં શિક્ષણ ની અશર તળે સ્ત્રીઓ એ એ જમાનમાં સાહિત્ય નું સર્જન કરિયું અને મહિલા માટે પત્રકાર્તવ ના ક્ષેત્રમાં ખેડાણ કરિયું.

શિરીન બેન મહેતા એ પોતે તેમ ના જૂની કેડી અને નવા ચઢાનો એ આર્ટીકલ માં જણાવે છે કે રાબ કમલા સંકર  પ્રાણ સંકર ત્રિવેદી (ફિમેલ ટ્રેનિગ કોલેજના પ્રિન્સિપાલ) “ગુજરાતી સાળા પત્ર (1861) 1991 માં લખે છે “ સ્ત્રી વિના ગૃહ નથી , ગૃહ વિના પ્રજા નથી અને પ્રજા વિના રાજય નથી. સ્ત્રી ની ઉનતી વિના દેશ ની ઉનતી અશક્ય છે .”

મણિલાલ નથુ ભાઈ દોસી એ સ્ત્રી કેળવણી અને સદવર્તન 1912 માં અમદાવાદ થી સામયિક પ્રગટ કરિયું આમ નારીની વિભાવ ના નિર્ધારિત કરતાં સામયિકો અને પુસ્તકો નું વિપુલ સાહિત્ય ખંડકાઈયું ,

સ્ત્રી સામાયિક માં થી પણ ગુજરાત નો સારો એવો ઇતિહાસ મળી શકે છે, જેના કારણે તેને ઇતિહાસ ના સાધન તરીકે મહત્વ નું ગણાવી સકાય.

ગુજરાતી સ્ત્રી સામયિકોની યાદી

| અનુક્રમ | નામ | સ્થળ | પ્રગટ કરનાર |
|---|---|---|---|
| 01 | સ્ત્રીબોધ | મુંબઈ | કે. ખુશરો કાબરજી |
| 02 | મહિલા મિત્ર | મુંબઈ | વિધાબેન નીલકંઠ અને શારદા બેન મહેતા |
| 03 | સુંદરી સુબોધ | અમદાવાદ | રામ મોહન રાય જસવંત રાય દેસાઇ |
| 04 | સ્ત્રી સદબોધ | ખેડા | ખેડા ગામના તુલસીબાઈ |
| 05 | સ્ત્રી હિતો ઉપદેસ | મુંબઈ | તંત્રી શ્રી જમના બાઈ શક્કઈ ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળ |
| 06 | સ્ત્રી જીવન | અમદાવાદ | મનું ભાઈ મેઘાણી |

સ્ત્રીઓ નું સૌ પ્રથમ માસિક સ્ત્રી બોધ 1857 થી સ્ત્રી ઓ ની જાગૃતિ માટે કામ કરતું હતું . ગુજરાત ના પત્ર કારત્વ નો વિચાર કરી યે  તો સૌથી પહલું નામ પૂતળી બાઈ જહાગીર કાબરજી નું યાદ આવે. સસરા કેશખુશરો કાબરજી ' સ્ત્રી બોધ અને  રાસ્ત ગોફતાર ' ના અધિપતિ હોઈ પૂતળી બાઈ 1881 થી 1941 સુધી 'સ્ત્રીબોધ 'સાથે સંકળાયેલ રહ્યા.તેમણે બહેનોની શારીરિક અને માનસિક કેળવણી માટે ખૂબ ધ્યાન રાખી વાર્તાઓ ,નાટકો અને લેખો લખ્યા.'સ્ત્રીબોધ'માં તેઓ 'શહેરનવાઝ'તખૂલસ્સ થી પત્રો લખતા.સ્ત્રીકેળવણી અંગે આપણે આજે 21 મી સદી માં જે વાતો કરીયે છીએ એ વાતો સો વર્ષ પહેલા પૂતળીબાઈ એ કરી છે."સ્ત્રી પુરુષ સબંધ ઉપર લખેલ લેખ આજે પણ એટલોજ જરૂરી છે.તેમણે દાંપત્ય જીવનના પાયારૂપ વિચારો દર્શાવતા લેખો લખ્યા છે.

સ્ત્રીબોધ માં ‘શહેર નવાઝ ‘તખૂલસ્સ થી પત્રો લખાતા ‘રતનબાઈ’-કુવરબાઈ ‘પત્રવ્યવહાર લખી જમાનાના પ્રશ્નો ઉપર ઉહાપોહ કર્યો છે.આમ પૂતળી બાઈ ગુજરાત ના પત્રકારત્વને એક પગલું લઈ આગળ લઇ ગયા.

સ્ત્રીસદબોધ રત્ન નામનું સ્ત્રી સામાયિક સૌપ્રથમ સ્ત્રી એ શરૂ કરેલું માસિક ખેડાના વતની તુલસીબાઈ નું હતું.ત્યારે તેનું વાર્ષિક લવાજમ આઠ આના (પચાસ પૈસા )હતું .1911 માં સુરતથી “અનાવિલ ,પોકાર “પ્રગટ થતું .તેમાં બાળલગ્ન અબળાનું દુખ નામ નું કાવ્ય તારાબાઇ એ લખેલું . સ્ત્રીબોધ વિશે ઇતિહાસવિદ ડૉ મકરંદ મહેતા અને ડૉ શિરીન મહેતા ના અવલોકન પ્રમાણે જે વર્ષે બ્રિટિશ હકૂમત સામે હિંદ માં મોટો વિપ્લવ થયો તે જ વર્ષે સ્ત્રીબોધ સામાયિક શરૂ થયું.બહાદુરશાહ ઝફર ,રાણી લક્ષ્મીબાઈ ,અને નાનાસાહેબ પેશવા જેવા શૂરવીરો અંગ્રેજોને વિરતાનો પરચો જરૂર કરાવ્યો .આ વિપ્લવ તત્કાલિન રાજકીય અને સામાજિક વ્યવસ્થાને ઊથલાવી જૂની રાજકીય વ્યવસ્થા સ્થાપિત કરવાનો હેતુ થી થયો હતો.આ કારણો ને ધ્યાન માં લઈને મુંબઈ ,અમદાવાદ જેવા વપારી નગરો એ વિપ્લવવાદીઓ ને નહીં પણ અંગ્રેજ શાસકો ને ટેકો આપ્યો હતો.તેઓ એવું માનતા કે મુગલ ,મરાઠા શાસન ની સરખામણી માં બ્રિટિશ શાસન વધારે પ્રગતિશીલ છે તેવું માનતા હતા કે સ્ત્રીશિક્ષણ ના પ્રવાહ ને વધારે સારી રીતે દિશા આપવી હશે તો પશ્ચિમના મૂલ્યો ને અપનાવી તેનું ભારતીયકરણ કરવું પડશે.મુંબઈ સુરત ,અમદાવાદ માં 1857 અગાઉ કન્યાશાળાઓ સ્થપાઈ ચૂકી હતી આમ સ્ત્રીબોધ નવા પ્રગતિશીલ પ્રવાહનું પ્રતિક બન્યું હતું.

આમ ગુજરાતનાં પત્રકારતત્વમાં ઇતિહાસ જાણવા માટેના સાધનો માં સ્ત્રીસામયિકોની એક આગવી ભૂમિકા છે.મહિલાઓ અને મહિલાઓના સામયિકોનું ઇતિહાસ માં આગવું પ્રદાન રહેલું છે.

-: સંદર્ભસૂચિ :-


1. સોધન અમૃતા , સંપાદકો ડો નિરા દેસાઇ , ડો ઉષા ઠક્કર " ઈતિહાસ લેખન માં નારી અને નારી ઇતિહાસ " પ્રકાશક –ભગત ભાઈ ભૂરલાલ શેઠ ,આર.આર .શેઠ ની કંપની મુંબઈ પ્રથમ આવુતિ સંપ્ટેમ્બર 2003.
2. હર્ણે પુનિતા અરુણ " ગુજરાતી અખબારો અને નારી ચેતના " પ્રકાશક .ડો રાજેન્દ્ર ખિમાણી, કુલ સચિવ ગુજરાત વિધ્યાપીઠ  અમદાવાદ ,પ્રથમ આવુતિ ડિસેમ બર ,2004
3. સંપાદકો દિવાંજી ડો ધૃમાન બહેન ,ડો પ્રીતિ શાહ , ડો ચંદ્રિકા રાવલ ,"સ્ત્રી સીધીના સોપાનો પ્રકાશક ગુજરાતી સ્ત્રી કેળવણી મંડળ , પ્રિતમ નાગર પહેલો માળ ઢાળ પોસ્ટ ઓફિશ પાસે એલિશ બ્રિજ ,અમદાવાદ પ્રથમ આવુતિ 1997
4. સંદેશ વિશમી સદી "25-2-2019 પેજ 2